# કાંકરિયા કાર્નિવલનો ભવ્ય શુભારંભ

## પહેલા દિવસે જનમેદની ઉમટી પડી : મુખ્યપ્રધાન વિજય રૂપાણી દ્વારા ભરચક કાર્યક્રમ વચ્ચે કાર્નિવાલનો શુભારંભ કરાયો : અનેક નવા આકર્ષણ ઉમેરાયા

અમદાવાદ, તા. ૨૫

શહેરના દક્ષિણ ઝોનમાં આવેલા ઔતિહાસિક એવા કાંકરીયા તળાવના કિનારે સતત દસમાં વર્ષે કાંકરીયા લેક ખાતે ૨૫થી ૩૧ ડીસેમ્બર સુધી સાત દિવસ સુધી વિવિધ કલાકારો દ્વારા અને સંસ્થાઓ દ્વારા લોકોને મનોરંજન પુરુ પાડવાની





આજે સાંજે સાત દિવસ માટે ચાલનારા કાર્નિવલના રંગારંગ કાર્યક્રમનો રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વિધીવત આરંભ કરાવવામાં આવ્યો તે સમયે કાંકરીયા ખાતે પહેલા દિવસે જ જનમેદની ઉમટી પડી હતી. કાર્નિવાલનુ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતુ ત્યારે મુખ્યપ્રધાન ઉપરાંત શહેરના મેયર ગૌતમ શાહ, ડેપ્યુટી મેટર અને કમીશરનર સહિતના તમામ લોકો ઉપસ્થિત રહ્યા હતા. હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જે સમયે રાજયના મુખ્યમંત્રી હતા.તે સમયે વર્ષ-૨૦૦૯ના વર્ષથી સાથે કેટલીક લોક ઉપયોગી પ્રવૃત્તિ સાથેના પણ કાર્યક્રમ કરવામાં આવતા હોય છે.આ વર્ષે પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી કાંકરીયા લેકફ્રન્ટ ખાતે કાર્નિવલ માટે સુંદર આયોજન કરવામાં આવ્યું છે.સાત દિવસ સુધી ચાલનારા રંગારંગ કાર્નિવલ દરમ્યાન અનેક વિવિધ કલાકારો દ્વારા કાર્યક્રમો રજુ કરવામાં આવનાર છે.આ ઉપરાંત બ્લડ ડોનેશન કેમ્પ અને વિવિધ વાનગીઓને આવરી લેતા ફૂડ ફેસ્ટીવલનું પણ આયોજન કરવામાં



આવ્યું છે.કાર્નિવલ દરમ્યાન નાણાંની ચુકવણી અને જરૂરીયાતને પહોંચી વળવા જુદી જુદી બેંકો દ્વારા મોબાઈલ એટીએમ ,અનેક પોઈન્ટ ઓફ સેલ મશીન,સાથે ક્રેડીટ કાર્ડ,ડેબીટકાર્ડ,પ્રિપેઈડ કાર્ડ,તથા ઈ-વોલેટ (પેટીએમ,ફ્રી-ચાર્જ વગેરે દ્વારા નાણાં સ્વીકારવા માટે અનેક સ્થળોએ સુવિધા ઉભી કરવામાં આવી છે.સાથે જ લેકફ્રન્ટમાં એકટિવીટીઝ માટે ડીજીટલ માધ્યમથી નાણા ચુકવવામાં આવશે તો ટી રીબેટ આપવામાં આવશે. દર વર્ષે લગભગ ૨૫ લાખ લોકો આ કાર્નિવલની મુલાકાત લેતા હોય છે.આ સાત દિવસ દરમ્યાન મુલાકાતીઓને વિનામુલ્યે પ્રવેશ આપવામાં આવશે.કાર્નિવલમાં રોક બેન્ડ,ગુજરાતી--હીન્દી પ્લેબેક સંગીત ઉપરાંત આતશબાજી,થીમ લાઈટીંગ,લેસર-શો જેવા કાર્યક્રમોનું આયોજન કરરવામાં આવે છે.પ્રગતિશીલ ગુજરાત તથા સ્માર્ટ અમદાવાદના થીમ સાથે તૈયાર કરવામાં આવેલો મલ્ટીકલર લેસર શો આ વખતનું આકર્ષણ બની રહેશેગુજરાતના ગરબા ઉપરાંત રાજસ્થાનના તેરા તાલ,અને ધુમ્મર,પંજાબનું ગીધા અને ભાંગડા,પશ્ચિમ બંગાલનુંદુર્ગા નૃત્ય પણ હાજર રહેનાર માટેઆકર્ષણનુંકેન્દ્ર બની રહેશે. હેરીટેજ કમિટીની બેઠકમાં અમદાવાદ શહેરને વૈશ્વિક કક્ષાના હેરીટેજ શહેર તરીકે જાહેર કરવામાં આવેલુંહોઈ આ વખતે કાંકરીયા ખાતે યોજાનારા કાર્નિવલનુંએ દ્રષ્ટિએ પણ મહત્વ ઘણું વધી જાય છે.

# એરપોર્ટથી ગાંધીનગર સુધી મોદી આજે રોડ-શો યોજશે

ગાંધીનગર, તા. ૨૫

રાજયમાં સતત છઠ્ઠી વખત બનવા જઈ રહેલી ભાજપના નેતૃત્વની સરકારની આવતીકાલે ગાંધીનગર ખાતે શપથવિધી યોજાવા જઈ રહી છે ત્યારે આ શપથવિધિમાં ભાગ લેવા આવી પહોંચનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર સુધી રોડ-શો કરી રસ્તામાં લોકોનું અભિવાદન ઝીલતા ગાંધીનગર પહોંચશે.આ અંગે મળતી સત્તાવાર માહિતી અનુસાર,વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે રાજયમાં ફરી એક વખત મુખ્યમંત્રી બનવા જઈ રહેલા વિજયરૂપાણીના નેતૃત્વમાં બનનારી સરકાર અને તેની શપથવિધિના કાર્યક્રમમાં ભાગ લેવા અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચનાર છે.

વડાપ્રધાન અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચશે એ સમયે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે ત્યારબાદ વડાપ્રધાન ગાંધીનગર જવા રવાના થસે.વડાપ્રધાન અમદાવાદ એરપોર્ટ પર આગમન બાદ ગાંધીનગર સુધી રોડ-શો પણ કરવાના છે . આ રોડ-શો માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ અધિકારીઓને ખાસ ફરજ સોંપવામાં આવી છે જેમાં સમગ્ર રૂટ ઉપર ઠેરઠેર સ્ટેજ બાંધવાથી લઈ સાઉન્ડ સિસ્ટમ લગાવવી,ઈલેકટ્રીક સપ્લાય પુરો પાડવો,ગ્રીનરૂમ ઉભો કરવાથી લઈને પીવાના પાણીની સગવડ ઉભી કરવા સુધીની સુવિધાનો પણ



સમાવેશ કરવામાં આવ્યો છે. રોડ શોને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બીજી બાજુ આને લઈને સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. મોદીએ ચૂંટણીના દિવસે રાણીપમાં પણ લોકોનો આભાર ઝીલ્યો હતો.

# એએફએસના ગાંધીનગર ચેપ્ટર દ્વારા નાતાલની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં નાતાલની ઉજવણીનો માહોલ છવાયો છે, વિવિધ સંસ્થાઓ દ્વારા આ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઈ રહી છે. ગાંધીનગરના એએફએસ એકમ દ્વારા તા. ૨૪મી





ડિસેમ્બરે નાતાલની ઉજવણીનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ગાંધીનગર ચેપ્ટરના જે ત્રણ વિદ્યાર્થીઓ ઉચ્ચતર અભ્યાસ તથા કોન્ફરન્સ માટે જવાના છે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

છેલ્લા અગિયાર વર્ષથી ભારતમાં સ્ટુડન્ટ્સ એક્ષ્ચેન્જ ક્ષેત્રે કાર્યરત આ સંસ્થા ગાંધીનગરમાં સાત વર્ષથી પોતાની આગવી ઓળખ ઉભી કરી રહી છે. કાર્યક્રમની શરૂઆત કરતાં બન્ને યુવા સંચાલકો ચંદ્રપાલ ભાટી અને પ્રાચી પારેખે સૌને નતાલની શુભેચ્છા પાઠવી આવકાર્યા હતા. ગુજરાત રીજીયનના હેડ આશિષ કલાલનું સ્વાગત અને પ્રાસંગિક ઉદબોધન ઉત્સાહપ્રેરક રહ્યાં. રાજલ પરમાર, યશ, યષ્ટી, સૃષ્ટિ વગેરે બાળકોએ નયન રમ્ય નૃત્ય પ્રદર્શિત કર્યા હતા. યોન્તે જે આ વર્ષનો એક્ષ્ચેન્જમાં આવેલો વિદ્યાર્થી છે, તેણે જર્મનીમાં નાતાલની ઉજવણી વિશે વિગતવાર માહિતી આપી હતી. સ્નેહા પટેલ મોસ, જે એક શિક્ષિકા અને સંસ્થાના સ્વયંસેવક છે, તેમણે નાતાલના તહેવાર વિષે ખૂબ જ છણાવટથી માહિતી આપતાં કહ્યું કે આ માત્ર તહેવાર નહી પરંતુ પ્રેમ અને અનુકંપાની એક મોસમ છે, સર્વને પ્રભુનો પ્રેમ અને આશિર્વાદ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરી હતી. ગાંધીનગર ચેપ્ટરના ત્રણ વિદ્યાર્થીઓ ઉચ્ચતર અભ્યાસ અર્થે અને કોન્ફરન્સમાં ભાગ લેવા જઈ રહ્યા છે તેઓ અભિજ્ઞ શાહ, જનક ગજ્જર, મીત પારેખને સન્માનવામાં આવ્યા હતા. એ એફ્ એસ તરફથી ઈન્દોરમાં એક સરસ સમાજસેવાનો કાર્યક્રમ થયો, ત્રણ શાળાઓના મકાનનું રીપેરિંગ, બાથરૂમ બનાવવા અને ચોખ્ખાઈ વિષે સમજ આપવી, વગેરે મુખ્ય મુદ્દાઓ હતા. ગાંધીનગર ચેપ્ટરમાંથી ધ્રુવ ઠક્કર, પ્રિયા જાદવ, જિજ્ઞાબેન ગજ્જર, ક્રિષ્ના આ ચાર સ્વયંસેવકો એ ત્યાં સેવાઓ આપી હતી અને તેમના અનુભવો કહ્યા હતા. ભારતભરમાંથી ૪૫ સ્વયંસેવકો ત્યાં આવ્યા હતા. સમગ્ર સેવાકાર્યનું ફંડિંગ રાઉન્ડ ટેબલ ઈન્ડિયા તથા પી એન્ડ જી કંપનીના સહયોગથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં પ્રમુખ ડો. વર્ષાબેન પારેખે મજાના વક્તવ્ય દ્વારા સૌનો ઉત્સાહ વધાર્યો હતો. તેમણે વધુ ને વધુ સેવા કાર્યો થાય અને વધુ લોકોને તેનો લાભ મળે તે વાત પર ભાર મૂક્યો હતો.

# સ્મૃતિ વિકાસ શાળા પ્રાંતિયા ખાતે વાર્ષિકોત્સવની શાનદાર ઉજવણી

ચિલોડા, તા. ૨૫

શ્રી શારદા ટ્રસ્ટ સંચાલિત સ્મૃતિ વિકાસ શાળા (માનસિક ક્ષતિ વાળા બાળકો નિવાસી શાળા) પ્રાંતિયા ખાતે સંસ્થાના ૨૯માં વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સવારે પ્રાર્થના ભજનથી કાર્યક્રમનો શુભારંભ થયો હતો. શાળાના માનસિક ક્ષતિવાળા બાળકોને કાર્યપ્રવૃત્તિઓને બિરદાવી. બાળકો અને સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિનાં સ્થાપક સ્વ. સુભાષભાઈ ઉપાધ્યાયને યાદ કરી માનસિક ક્ષતિવાળા બાળકો માટેની સેવાકીય પ્રવૃત્તિનો શુભારંભ કરવા બદલ તેમના પરિવારનો આભાર માન્યો હતો. સંસ્થાના સેવાકીય કાર્યમાં હરહંમેશ સેવા અને સહાયભૂત થવા તત્પરતા હતી.

સંસ્થાના પ્રમુખ જયવંત શંકર દિવેકર, સંસ્થાની સેવા પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપી. સંસ્થાના સ્થાપક સ્વ. સુભાષભાઈ તથા કૈલાશબેન ઉપાધ્યાયની સેવાભાવનાને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો. સંસ્થાના વિકાસ કાર્યોને વેગવંત બનાવવા સર્વેને સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.



સ્વાગત ગીત, અભિનય ગીત, ગરબા, ડાન્સ વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી સર્વે મહાનુભાવોને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે વિશેષ પદે ગાંધીનગર અગ્રણી બિઝનેશમેન પંકજકુમાર. એમ ગુર્જરના હસ્તે મંગલદીપ પ્રગટાવી મંગળ પ્રારંભ કરાવ્યો હતો. સંસ્થાના દર્શાવી હતી.

આ કાર્યક્રમમાં માનવતા મહેમાનો ચિંતન ઉપાધ્યા, અમદાવાદ. ગુલાબચંદ ખટીક, અમદાવાદ, કિષ્ણાબેન પ્રજાપતિ, ગાંધીનગર. ભારતસિંહ એલ. પરમાર, ડભોડા વગેરેએ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી સહયોગી બનવા હૈયાધારણ આપી

આજના પાવન દિવસે અશોકકુમારે હીરાનંદ ગોલાણી તથા વર્ષાબેન ગોલાણી અમદાવાદના સહયોગથી ભગવાન સત્યનારાયણની કથાનું રસપાન કરાવ્યું હતું. પરિણામે સંસ્થાના બાળકો, કર્મચારીઓ, ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ કથાનો લાભ લઈ ભક્તિમય માહોલ થતાં સર્વે ખુશખુશાલ બન્યા હતા.

# બેચરાજીનાં ધારાસભ્ય ભરત ઠાકોરે રોજગારી મુદ્દે આપી આંદોલનની ચિમકી

મહેસાણા, તા. ૨૫

બેચરાજીનાં સ્ન્છ ભરત ઠાકોરે રોજગારી મુદ્દે આંદોલનની જાહેરાત કરી છે. ધારાસભ્ય ભરત ઠાકોરે મારૂતિ અને હોન્ડા કંપનીને સ્થાનિકોને રોજગારી આપવા અંગે રજૂઆત કરશે. જો કંપની દ્વારા સ્થાનિક લોકોને રોજગારી આપવામાં નહીં આવે તો તેઓ આંદોલન કરશે.

બેચરાજીનાં ધારાસભ્ય ભરત ઠાકોરે મારૂતિ અને હોન્ડા કંપનીને રોજગારી આપવા અંગે આંદોલન કરવાની ચીમકી આપી છે. તેમણે જણાવ્યું કે આ મામલે જો ત્યાંનાં સ્થાનિક લોકોને રોજગારી નહીં આપવામાં આવે તો અમારી ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા આંદોલન કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ભરત ઠાકોર ક્ષત્રિય ઠાકોર સેના ગુજરાતની ઓફિસનાં કાર્યાલય મંત્રી હતાં. અને તેઓ બેચરાજી વિધાનસભામાં ૧૫,૦૦૦ કરતા વધુ મતથી જીત્યાં છે. જેતી તેઓ હાલ ધારાસભ્ય પણ છે. પરંતુ તેમને સ્થાનિકોને ધ્યાનમાં રાખીને તેમની જરૂરિયાતો સંતોષાય અને તેમને પૂરતી રોજગારી મળી રહે તે માટે મારૂતિ અને હોન્ડા કંપની સાથે તેઓ રજૂઆત કરશે.

## તાજપોશી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાબત રહી છે. આવી સ્થિતીમાં નવી સરકાર હવે બનવા જઈ રહી છે. રૂપાણી અને નિતિન પટેલ સામે નારાજ સમુદાયને સાથે લઈને ચાલવાની બાબત ખુબ પડકારરૉપ બની છે. શપથવિધીમાં કોઈ કચાસ ન રહી જાય તેની તકેદારી પણ રાખવામાં આવી રહી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ છે કે સતત છઠ્ઠી વખત જનતા તરફથી આપવામાં આવેલા બહુમતના કારણે સરકાર બનવા જઈ રહી છે. તૈયારીને લઈને રવિવારના દિવસે પણ હોદેદારોની મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં શપથગ્રહણના સ્થળ, વિધાનસભા સંકુલ વિસ્તાર, હેલિપેડ પર તૈયારીની સમીક્ષા કરવામાં આવી હતી. અહીં ત્રણ ડોમ પણ બનાવવામાં આવી ચુક્યા છે. સુરક્ષા પાસાની પણ સમીક્ષા કરવામાં આવી ચુકી છે. શપથવિધિ સમારોહને લઈ તડામાર અને જબરદસ્ત તૈયારીઆ હાલમાં પૂરજોશમાં ચાલી રહી હતી. સેંકડો કારીગરો અને મજૂરો વિશાળ શામિયાણો, મંડપ, સ્ટેજ, બેઠક વ્યવસ્થા સહિતના કામોમાં લાગેલા હતા. પાર્કિંગ માટેની પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી ચુકી છે. ભાજપ સરકારના શપથવિધિ સમારોહમાં કોઈ કસર ના રહી જાય તેનું ભાજપ દ્વારા ખાસ પ્લાનીંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, ગુજરાતમાં સતત છઠ્ઠીવાર સરકાર રચીને વિક્રમ સર્જી રહેલી ભાજપ દ્વારા તેના આ શપથવિધિ સમારોહના ઓઠા હેઠળ એક પ્રકારે તેનું જોરદાર શકિત પ્રદર્શન પણ બતાવવાનું આયોજન કરાયું છે.



## તલોદ સ્નેહ ગ્રુપનું સ્નેહમિલન યોજાયું

જુના મિત્રો વર્ષો પછી મળે ત્યારે જે આનંદ મળે તે સૌથી દુર્લભ હોય છે. સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે નેવુના દાયકામાં સાથે અભ્યાસ કરતા મિત્રો પોતપોતાના નોકરી વ્યવસાયના કારણે વિખૂટાં પડી ગયા હતા. જેને તલોદ સ્નેહ ગ્રુપના નેજા હેઠળ ફરીથી જોડવામાં આવ્યા છે. સાત વર્ષ પૂર્વે આ મિત્રો ફરીથી એકઠાં થયા તે પણ તેમના પરિવાર સાથે અને જન્મ થયો 'તલોદ સ્નેહ ગ્રુપ'નો અને દરેકે નક્કી કર્યું કે હવે દર વર્ષે ઓછામાં ઓછું એક આખા દિવસ માટે તો ભેગા મળીને આનંદ કરીશું આજે સતત સાતમા વર્ષે આ ગ્રુપનો સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. નેશનલ હાઈવે નં. ૮ પર ચંદ્રાલા પાસેની પાલવ હોટલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં તલોદ સ્નેહ ગ્રુપના પરિવારોએ વિવિધ પરંપરાગત રમતો જેવી કે કબડ્ડી, ઉભી ખો તથા ઈન્ડોર ગેમ્સ વગેરે દ્વારા આખો દિવસ મોજમસ્તી સાથે વિતાવ્યો હતો અને જુના મિત્રોએ હવે એકબીજાના પરિવારના સભ્યો સાથે પણ સ્નેહનો સંબંધ વધુ મજબુત કર્યો હતો.

## અદલ પલાંઠી ● ૪ પાનાનું ચાલુ...

શિક્ષકો વિદ્યાર્થીઓમાં પ્રિય હોય છે. પરિણામે તેઓ અન્ય શિક્ષકોની અદેખાઈનો ભોગ બને છે. દરેક ક્ષેત્રનો આ સળગતો સવાલ છે. શિક્ષકની પોતાની પ્રતિભા, કાર્યશૈલી, તરવરાટ અને વિદ્યાર્થીઓ માટે કંઈક કરી છૂટવાની તમન્ના હોય તે શિક્ષક તેજોદ્વેષનો ભોગ ન બને તો જ નવાઈ!

સમગ્ર જીવનપરિમલ દરમિયાન ડૉકટર, વકીલ, એન્જિનીયર, વેપારી, સમાજસેવક વગેરે આપણને પૂરક બનતા હોય છે. એ તદન સાચું. પરંતુ આપણને યાદ રહે છે માત્ર શિક્ષક જ. અને એ જ શિક્ષકની સાચી પ્રતષ્ઠા છે, તેનું સાચુ ગૌરવ છે.

'હું આજે જે કાંઈ છું તે મારા શિક્ષકોને કારણે છું.' આ વાકય અનેક સમારંભોમાં સફળ વ્યકિતઓ ના વક્તવ્યમાં સાંભળવા મળે છે. જેનાથી પ્રયોગશીલ શિક્ષકોની છાતી ગજ ગજ ફૂલે છે. શિક્ષક એ માત્ર વ્યકિત નથી વિચાર છે. પોતાની આગવી વિચારધારા થકી એ એક પેઢીનું ઘડતર કરે છે. તેને યોગ્ય આકાર આપે છે અને રાષ્ટ્રને ઉપયોગી; આત્મવિશ્વાસથી ભરપૂર એવા યુવાનો તૈયાર કરે છે. તેથી શિક્ષક એ રાષ્ટ્રવિધાતા છે.

**મિસરી**

'કોઈપણ પરિસ્થિતિનો
સામનો કરવાની શકિત
એટલે કેળવણી.' (સં.દે.)

santoshdevkar03@gmail.com

## મજુરો પટકાયા.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રી અને તેમના મંત્રી મંડળની શપથવિધિ સચિવાલય ગ્રાઉન્ડમાં રાખવામાં આવી છે. આ શપથવિધિ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, તેમના મંત્રીમંડળના સદસ્યો, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, ૨૦૦થી વધુ સંતો મહંતો, ભાજપ શાસિત ૧૮ રાજયોના મુખ્યમંત્રીઓ તથા અનેક વીવીઆઈપી મહાનુભાવો અને કદાવર નેતાઓ ખાસ ઉપસ્થિત રહેનાર છે. તે માટે સચિવાલય ગ્રાઉન્ડમાં સ્ટેજ અને વિશાળ શામિયાણો બાંધવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી હતી દરમિયાન આજે વહેલી સવારે અંદાજે ચાડા ચાર વાગ્યાના અરસામાં ડૉમ ઉભો કરી ઊંચાઈ ઉપર ચઢીને એંગલ સેટ કરી રહેલા ત્રણ મજુરો રણછોડ જીવાભાઈ મીણા (ઉ.વ. ૪૨), કાંતિ ખીમાજી ડામોર, (ઉ.વ. ૩૮) અને બાબુલાલ દેવજીભાઈ મીણા (કલાસવા) ત્રણેય કોઈ રીતે ઉપરથી જમીન પર પટકાતા ગંભીર રીતે ઘવાયા હતા. ત્રણેયને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા જે પૈકી બાબુલાલની હાલત અત્યંત ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન બે કલાકમાં તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. તદ ઉપરાંત અન્ય બે ઘાયલ મજુરોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલની અમદાવાદની હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. તે બંને હાલ સારવાર હેઠળ દાખલ છે. સે-૭ પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી કોન્ટ્રાકટરની ગંભીર બેદરકારી અંગે પણ તપાસ હાથ ધરી છે.

## સગીરાનું અપહરણ... ● ત્રીજા પાનાનું ચાલુ

સાથે લગ્ન કરવા તથા ૧૧ માસ સુધી જુદી જુદી જગ્યાએ છુપાવી રાખવા બદલ જયદિપસિંહની ધરપકડ કરી રીમાન્ડ મેળવતા બહાર આવ્યું કે જયદિપસિંહ તથા સિધ્ધરાજસિંહ તથા લક્ષ્મણસિંહ ઉર્ફે ભૂપેન્દ્રસિંહે ભેગા મળી કાવતરું ઘડેલું જેમાં ભૂપેન્દ્રસિંહ વહેલી સવારે પાંચ વાગે કાર લઈને આવશે અને સગીરવયની છોકરીને ઘરેથી નીકળે એટલે કારમાં બેસાડી દેજો પછી તમે બંને ત્યાં ગામમાં જ રહેજો જેથી કોણ લઈ ગયું છે? તે વાત કોઈને ખબર ન પડે આવુ નક્કી કરી ફિલ્મી સ્ટાઈલમાં પ્લાન મુજબ વહેલી સવારે પાંચેક વાગ્યે અંધારામાં ભૂપેન્દ્રસિંહ નારદીપુરના ગોવિંદજી ઉર્ફે કાળુજી સાથે મારૂતિ અલ્ટો કાર સાથે લઈને આવી સગીરાનું અપહરણ કરી તેના સંબંધીના ઘરે પીલવાઈ ગામે મુકી આવ્યા અને જુદી જુદી જગ્યાએ સગીરાને છુપાવીને રાખી ૧૮ વર્ષ પુરા થયા છે તેમ સમજી જયદિપસિંહના અમદાવાદ ખાતે લગ્ન કરાવી દીધા અને વિદેશ જતા રહેવા પાસપોર્ટ મેળવવા અરજી કરી આ દરમિયાન ગેરકાયદેસર લગ્નનો ભાંડો ફુટી જવા પામ્યો હતો.

આ ગુન્હામાં સગીરાને લલચાવી ફોસલાવી ગુન્હાહિત કાવતરું ઘડી ફિલ્મી સ્ટાઈલે અપહરણ કરી જુદી જુદી જગ્યાએ સંતાડી રાખી તથા નાની ઉંમરમાં ગેરકાયદેસર રીતે લગ્ન કરવા ગુન્હા હેઠળ સર્કલ પી.આઈ. એ.ડી. વાઘેલાએ જયદિપસિંહ શંકરસિંહ વાઘેલા (રહે. જલુંદવાળા), લક્ષ્મણસિંહ ઉર્ફે ભૂપેન્દ્રસિંહ શિવાજી સોલંકી (રહે. ડીંગુચા, તા. કલોલ) તથા ગોવિંદજી ઉર્ફે કાળીયો વિક્રમસિંહ વાઘેલા (રહે. નારદીપુર, તા. કલોલ) ત્રણેયની ધરપકડ કરી રીમાન્ડ લઈને સાબરમતી જેલ હવાલે કર્યા છે.

## યોગ્ય મુલાકાત.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવાળ વચ્ચે રાખવામાં આવી હતી. જાધવના માતા અને પત્નિ તેમને માત્ર જોઈ શકતા હતા. વાત કરવા માટે ઈન્ટરકોમની મદદ લેવામાં આવી હતી. સોશિયલ મિડિયા પર રહેલા આંતરરાષ્ટ્રીય લોકોએ પાકિસ્તાનની આકરી ટિકા કરી છે.આ વિડિયોમાં કુલભુષણ દ્વારા ફરી એકવાર તેમને ભારતના કમાન્ડર તરીકે ગણાવવામાં આવ્યા છે. દરમિયાન પાકિસ્તાને ફરી એકવાર દાવો કર્યો છે કે કુલભુષણ જાધવને રાજકીય મદદ પહોંચાડી દેવાની મંજુરી આપી દેવામાં આવી છે. જો કે ભારતે પાકિસ્તાનના દાવાને ફગાવી દીધો છે. કુલભુષણ અને તેમના પરિવારના સભ્યો વચ્ચે વાતચીત વેળા ભારતીય ડેપ્યુટી હાઈ કમીશન જેપીસિંહ પણ હાજર રહ્યા હતા. પાકિસ્તાને આને રાજકીય ઓળખ તરીકે ગણાવી હતી. જો કે ભારતના વિરોધ બાદ પાકિસ્તાને આ નિવેદન પાછુ ખેંચી લીધુ હતુ. ૪૭ વર્ષીય જાધવને પાકિસ્તાનની લશ્કરી કોર્ટે જાસુસી અને ત્રાસવાદના આરોપસર આ વર્ષે એપ્રિલમાં ફાંસીની સજા ફટકારી હતી. ભારતે સતત રાજકીય મદદ પહોંચાડવાની માંગ કરી રહ્યુ છે જો કે પાકિસ્તાને ભારતની માંગને ફગાવી છે. ભારતની તીવ્ર રજૂઆત બાદ તેની ફાંસી પર સ્ટે મુકાયો છે.